# ૧૩૪ વર્ષથી કાર્યરત પ્રાથમિક શાળામાંથી અનેક વિદ્યાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી છે






આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના સુંદરણા ગામમાં આવેલી પ્રાથમિક શાળા વર્ષોથી શિક્ષણ અને જ્ઞાનના પ્રસારનું કેન્દ્ર બની રહી છે. શાળાની સ્થાપના ૭ ડિસેમ્બર, ૧૮૯૨ના રોજ કરવામાં આવી હતી. તે સમયે વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસનકાળ દરમિયાન શિક્ષણના પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપવામાં આવતું હતું. શરૂઆતમાં ગામની ધર્મશાળામાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાના મકાનના બાંધકામ માટે ગામના ભૂમિદાતા શિવાભાઈ લલ્લુભાઈ પટેલે પોતાની કિંમતી જમીન દાનમાં આપી હતી. ગાયકવાડ સરકાર દ્વારા આશરે ૧૮૯૮માં શાળાનું સ્વતંત્ર મકાન બનાવવામાં આવ્યું હતું. આમ, દાન અને શિક્ષણપ્રેમના પાયે શરૂ થયેલી આ સંસ્થાએ ગામની અનેક પેઢીઓને શિક્ષિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. સમયની સાથે શાળાના માળખામાં પણ પરિવર્તન આવ્યું હતું. વર્ષ ૨૦૧૨માં તત્કાલીન આચાર્ય દિલીપકુમાર પ્રજાપતિ દ્વારા નવા મકાન માટે દરખાસ્ત કરવામાં આવી હતી. મંજૂરી મળ્યા બાદ જૂના મકાનનું ડિમોલેશન કરી આધુનિક સુવિધાઓ ધરાવતું નવું શાળા મકાન બનાવવામાં આવ્યું હતું.

હાલમાં શાળામાં નિયમિત શિક્ષણની સાથે વિવિધ કૌશલ્યવિકાસલક્ષી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. લાંબા શૈક્ષણિક વારસા સાથે સુંદરણા પ્રાથમિક શાળા બાળકોના જ્ઞાન, ક્ષમતા અને સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહી ગામના શૈક્ષણિક વિકાસમાં પોતાનું યોગદાન આપી રહી છે.

### સુંદરણાના વતનીઓની વિવિધ ક્ષેત્રોમાં કારકિર્દી

- » **પોસ્ટ ડિપાર્ટમેન્ટ :** મંગળભાઈ શનાભાઈ સોલંકી, રણછોડભાઈ શીવાભાઈ સોલંકી, અંબુભાઈ શીવાભાઈ સોલંકી, પટેલ વિઠ્ઠલભાઇ, ચંદુભાઈ આશાભાઈ, હસમુખ દેવગીરી
- » **શિક્ષક :** મહેશભાઈ ભયજીભાઈ, નટુભાઈ વણકર, નટુભાઈ પરમાર, મનુભાઈ વણકર, દિનેશભાઈ રામાભાઈ મકવાણા, પટેલ ભાવેશભાઈ, ભરતભાઈ ઠાકોર, સોનલબેન ભરતભાઈ ઠાકોર, રાજેશચંદ્ર ગોરધનભાઈ ઠાકોર, સંગીતાબેન નરેશભાઈ ઠાકોર, નિકુલભાઈ ચંદુભાઈ ઠાકોર,
- » **ક્લાર્ક** રજનીકાંત મગળભાઈ સોલંકી, મહેશભાઈ સોલંકી, પ્યુન ભરતભાઈ ઠાકોર,
- » **પ્રોફેસર :** ભાવેશભાઈ મગનભાઈ પટેલ,
- » વકીલ : મગનભાઈ ગાડાભાઈ સોલંકી, નરેશભાઈ ઠાકોર, તરુણ ભાઈ ઠાકોર
- » **એન્જીનીયર :** ભુપેન્દ્રભાઈ દિનેશભાઈ ઠાકોર, ચિરાગ ભાઈ નટુભાઈ વણકર
- » **મેનેજર :** અશોક ભાઈ અંબાલાલ સોલંકી
- » **વાયરમેન :** ભરતભાઈ નટુભાઈ પરમાર, ચંદુભાઈ પરમાર

# સી. કે. પટેલ હાઈસ્કૂલ, સુંદરણા વર્ષ ૧૯૭૫થી માધ્યમિક શિક્ષણની સેવા આપતી ગ્રાન્ટેડ શાળા

સુંદરણા ગામમાં આવેલી સી. કે. પટેલ હાઈસ્કૂલની સ્થાપના વર્ષ ૧૯૭૫માં કરવામાં આવી હતી. વિદ્યોત્તેજક કેળવણી મંડળ, સુંદરણા દ્વારા સંચાલિત આ ગ્રાન્ટેડ માધ્યમિક શાળામાં ધોરણ ૯ અને ૧૦નું શિક્ષણ આપવામાં આવે છે. શાળાના નિર્માણ માટે છગનભાઇ ખુશાલભાઈ પટેલ પરિવાર દ્વારા જમીનનું દાન આપવામાં આવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ તરીકે પ્રવિણભાઈ પ્રભુદાસ પટેલ, મંત્રી તરીકે કનુભાઈ બાબુભાઈ પટેલ જવાબદારી સંભાળે છે. શાળામાં હાલમાં કુલ ૧૧૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાં ૬૩ કન્યાઓ અને ૫૨ કુમારોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડવા માટે ત્રણ શિક્ષકો કાર્યરત છે, જ્યારે પ્રજાપતિ હર્ષદભાઈ ઇન્ચાર્જ આચાર્ય તરીકે જવાબદારી નિભાવે છે. શાળામાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરૂરી ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ છે. શાળાના પરિસરમાં ૧૨ ઓરડા, કમ્પાઉન્ડ વોલ, ઇન્ટરનેટ સુવિધા, જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસ, સીસીટીવી કેમેરા અને બાયસેગ સુવિધા છે. આ ઉપરાંત શાળા પુસ્તકાલય, ૩૦ કમ્પ્યુટર ધરાવતી કમ્પ્યુટર લેબ તથા ફાયર સેફ્ટી જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. આ સુવિધાઓના માધ્યમથી વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણની સાથે ટેકનોલોજી આધારિત શિક્ષણ પૂરું પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.




# સરકારી ગ્રાન્ટના સહયોગથી સુંદરણા ગામમાં પાયાની સુવિધાઓ ઉપલબ્ધ બની






આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના સુંદરણા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા પાયાની સુવિધાઓ વિકસાવવા માટે વિવિધ સરકારી યોજનાઓ અને ગ્રાન્ટનો લાભ લેવામાં આવી રહ્યો છે. સમયાંતરે ગામમાં જરૂરી વિકાસકાર્યો હાથ ધરી ગ્રામજનોને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસો કરવામાં આવે છે. સુંદરણા ગ્રામ પંચાયતને નાણાપંચ, આયોજન મંડળ, સાંસદ સભ્યની ગ્રાન્ટ, ધારાસભ્યની ગ્રાન્ટ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતની ગ્રાન્ટ સહિતના વિવિધ સ્રોતોમાંથી મળતી નાણાકીય સહાયના આધારે ગામમાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતિ અને સરકારી સહાયના ઉપયોગથી ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ તેમજ ખુલ્લાં ચોગાનમાં બ્લોક પેવિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ બની છે. આ ઉપરાંત, ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા મળી રહે તે માટે ગામમાં વોટર વર્ક્સ પણ કાર્યરત છે. વિવિધ ગ્રાન્ટના સંકલિત ઉપયોગથી ગામની પાયાની સુવિધાઓને મજબૂત બનાવવામાં ગ્રામ પંચાયતની કામગીરી મહત્વપૂર્ણ બની રહી છે.

**વર્તમાન ગ્રામ પંચાયત ટીમ :** સરપંચ જીતેન્દ્રભાઈ વલ્લભભાઈ પટેલ, સભ્યો : સવિતાબેન વિનુભાઈ બારૈયા, ભરતભાઈ જગદીશભાઈ ઠાકોર, ગીરીશભાઈ મનુભાઈ વાળંદ, હસમુખભાઈ વણકર, જયેશભાઈ દીનેશભાઈ ઠાકોર, પારૂલબેન પટેલ.

**પૂર્વ તાલુકા પંચાયત સભ્ય :** અંજનાબેન પટેલ, વણકર જેઠાભાઈ, નરેશભાઈ ઠાકોર

**પૂર્વ સરપંચ :** સ્વ પુજાભાઈ રવાભાઈ સોલંકી, સ્વ. વિઠ્ઠલ ભાઈ વાઘજીભાઈ પટેલ, મનુભાઈ મેલાભાઈ સોલંકી, પટેલ ગિરધર ભાઈ રામાભાઈ, રમેશભાઈ ઠાકોર.

# સુંદરણાના ખેડૂતોની ૪૦૦થી વધુ વીઘામાં મરચીની ખેતી, ૪૦ વીઘામાં ધરૂનો ઉછેર

ખેતીમાં નવી તકો શોધી આર્થિક સમૃદ્ધિ મેળવવાની દિશામાં સુંદરણા ગામના ખેડૂતોનું મરચી ખેતી મોડલ પ્રેરણારૂપ બની રહ્યું છે. ગામમાં અંદાજે ૪૦૦થી વધુ વીઘા જમીનમાં મરચીની ખેતી કરવામાં આવે છે. મરચીના પાકમાં યોગ્ય માવજત અને કાળજીના આધારે ખેડૂતો સારું ઉત્પાદન મેળવી પોતાની આવક વધારવાના પ્રયાસો કરી રહ્યા છે. સુંદરણા ગામની વિશેષતા એ છે કે અહીં ખેડૂતો માત્ર મરચીના ઉત્પાદન પૂરતા મર્યાદિત નથી, પરંતુ કેટલાક ખેડૂતો ધરૂ ઉછેરના વ્યવસાય સાથે પણ જોડાયેલા છે. અંદાજે ૪૦ વીઘા જમીનમાં મરચીનાં ધરૂ તૈયાર કરવામાં આવે છે. તૈયાર ધરૂના વેચાણ થકી ખેડૂતોને વધારાની આવકનો સ્ત્રોત પણ પ્રાપ્ત થાય છે. ખેડૂતોના જણાવ્યા મુજબ, અન્ય કેટલાક ખેતીપાકોની સરખામણીએ મરચીની ખેતીમાં વધુ વળતર મેળવવાની તક રહે છે. પાક ઉત્પાદનની સાથે ધરૂ ઉછેરને જોડતું આ મોડલ ખેડૂતો માટે આવકના વૈકલ્પિક માર્ગો ઊભા કરે છે. આમ, સુંદરણાના ખેડૂતોનું મરચી ખેતી મોડલ આયોજનબદ્ધ ખેતી, મહેનત અને પૂરક વ્યવસાય દ્વારા આર્થિક પ્રગતિ કરવા ઇચ્છતા અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની રહ્યું છે.



# સુંદરણામાં ધર્મનો મહિમા અનોખો : વર્ષ દરમિયાન ત્રણ મેળા, નવરાત્રિ સહિતના પર્વોની ધામધૂમથી ઉજવણી


જાળેશ્વર મહાદેવ મંદિર


શ્રી રણછોડજી મંદિર

સુંદરણા ગામમાં ધાર્મિકતા, આસ્થા અને પરંપરાનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ગામમાં આવેલાં વિવિધ દેવમંદિરો ગ્રામજનોની શ્રદ્ધાનાં કેન્દ્રો બન્યાં છે. મંદિરોમાં નિયમિત પૂજન-અર્ચન અને દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ ગામની ધાર્મિક પરંપરાને જીવંત રાખે છે. વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક ઉત્સવો અને મેળાઓના આયોજનથી ગામમાં ભક્તિમય માહોલ સર્જાય છે.


શ્રી લક્ષ્મીજી મંદિર

સુંદરણા ગામની ધાર્મિક ઓળખમાં પૌરાણિક જાળેશ્વર મહાદેવ મંદિરનું વિશેષ સ્થાન છે. ગામની ઉત્તર દિશામાં આવેલું આ પ્રાચીન મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. પવિત્ર શ્રાવણ માસ દરમિયાન અહીં જન્માષ્ટમીના દિવસે તેમજ ધરો આઠમના પર્વે મેળાનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગોએ ભક્તો દર્શન અને પૂજન-અર્ચનનો લાભ લે છે. ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા આ મેળાઓ ગામની પરંપરાનું પ્રતિબિંબ છે.


શ્રી સ્વામિનારાયણ મંદિર

ગામમાં ત્રીજો ધાર્મિક મેળો ભાથીજી મહારાજના મંદિરે હિન્દુ નૂતન વર્ષના પ્રથમ દિવસે એટલે કે બેસતા વર્ષના દિવસે યોજાય છે. નવા વર્ષની શરૂઆતમાં દર્શન અને ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી બની ગ્રામજનો પોતાની આસ્થા વ્યક્ત કરે છે. આ ઉપરાંત માતાજીના અનુષ્ઠાન સાથે નવરાત્રિ પર્વની પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે.



શ્રી રામજી મંદિર

સુંદરણામાં રામનવમી, જન્માષ્ટમી, હનુમાન જયંતી, હોળી-ધુળેટી સહિતના વિવિધ તહેવારો સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઊજવવામાં આવે છે. ધાર્મિક પ્રસંગો સામાજિક એકતા અને પરસ્પર સંપની ભાવનાને પણ મજબૂત બનાવે છે.

ગામનાં અન્ય મુખ્ય ધાર્મિક સ્થળોમાં ભાથીજી મહારાજ મંદિર, બળિયાદેવ મંદિર, શ્રી સ્વામિનારાયણ ભગવાન મંદિર, વહેરાઈ માતાજી મંદિર, રામદેવપીર મંદિર, અખંડ શક્તિ માતાજી મંદિર, રણછોડજી મંદિર અને મહીસાગર માતાજી મંદિરનો સમાવેશ થાય છે. આમ, વિવિધ દેવસ્થાનો, પરંપરાગત મેળાઓ અને તહેવારોની ઉજવણી થકી સુંદરણા ગામે ધાર્મિક વારસાને જાળવી રાખ્યો છે. આસ્થાનાં આ કેન્દ્રો ગામના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.



શ્રી સંતોષી માતાજી મંદિર

(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)